## જન્મદિને વધામણી



મેહુલભાઈ દોશી
પૂર્વ પ્રમુખ, જૈન સોશિયલ ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૭૩૮૨



મહેશસિંહ રાઓલ
ઉપપ્રમુખ, શ્રી ગાંધીનગર રાજપૂત સમાજ, પૂર્વ મહામંત્રી ભાજપ, ગાંધીનગર મહાનગર
મો. ૯૮૨૪૧ ૬૧૨૧૫



વિનોદચંદ્ર એમ શાહ
મો. ૯૩૭૬૮ ૧૦૪૯૮



ઉમા સુનિલ વોરા
મો. ૮૩૪૭૪ ૬૭૨૧૩



તન્વી જગદીશકુમાર સોની



કૃતિકા નિલેશભાઈ શર્મા
મો. ૯૭૧૪૮ ૯૫૧૯૬



કૃપાલી હસમુખભાઈ વાઘેલા
મો. ૯૭૧૪૩ ૯૦૧૧૯



રૂદ્ર ગૌરવ રાઠોડ
મો. ૯૪૦૯૫ ૧૪૫૭૦

# ચિલોડા હાઈસ્કૂલમાં બાળમેળો યોજાયો





ચિલોડા ખાતે કાર્યરત ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા ખાતે બાળમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચટાકેદાર વાનગીના ૨૦ સ્ટોલ્સ વિદ્યાર્થીઓ દ્વારા ઊભા કરવામાં આવ્યા હતા. ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સ્ટોલ્સની મુલાકાત લઈ મનપસંદ વાનગીઓનો રસાસ્વાદ માણ્યો હતો. આચાર્ય ચીમનભાઈ પટેલ તથા સ્ટાફ દ્વારા બાળમેળાના સફળ આયોજન માટે વિદ્યાર્થીઓની પીઠ થાબડવામાં આવી હતી.







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં ધોરણ-૧થી ૮ની વિદ્યાર્થીનીઓની સુષુપ્ત શક્તિઓ ઉજાગર કરવાના હેતુસર બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રુતલેખન, યાદશક્તિ ચકાસણી, કેશકલા ગૂંફન તથા નૃત્ય જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ૭૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીનીઓને ઈનામો આપી નવાજવામાં આવી હતી. આચાર્ય નીરૂબેન પટેલે ભાગ લેનાર તથા ઈનામ પ્રાપ્ત કરનાર સૌ વિદ્યાર્થીનીઓને કાર્યક્રમમાં આ ઉત્સાહી ભાગીદારી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા અમૃત મહોત્સવ

## સરઢવ શાળા પરિવારના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોનું મહાસંમેલન તારીખ ૮મી જાન્યુઆરી ને રવિવારે

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા પોતાની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે ત્યારે આ પ્રસંગે એક ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ, અમૃત મહોત્સવ સમિતિના કન્વીનર નવિનભાઈ પટેલ આ અંગેની માહિતી આપતાં જણાવે છે કે શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળની ઉજ્જવળ યાત્રાનાં ૭૫ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે અમૃત મહોત્સવ તથા વર્ષ ૨૦૧૭ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અમૃત પર્વના અનુસંધાને સરઢવ શાળા પરિવારના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોનું મહાસંમેલન તારીખ ૮મી જાન્યુઆરી ને રવિવારે સવારે યોજવામાં આવ્યું છે. આ મહાસંમેલનમાં શાળાના ૧૯૪૨ની પ્રથમ બૅચના વિદ્યાર્થી અને મંડળના ટ્રસ્ટી મફતલાલ શાહ, કનુભાઈ રામદાસ પટેલ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને મુખ્યમંત્રી કાર્યાલયમાં ખાસ ફરજ પરના અધિકારી ભાગ્યેશ વાસુદેવ જ્હા ઉપસ્થિત રહેશે. સંસ્થાના સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે સંસ્થા તરફથી આમંત્રણ પાઠવ્યું છે.



ચિલોડા ખાતે કાર્યરત ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળાના ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ભૂમિબેન પ્રવીણભાઈ પટેલે ૨૭બી ટુર્નામેન્ટમાં અન્ડર-૧૯ વિભાગમાં રાષ્ટ્રકક્ષાએ ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીનીને તેની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર વતી આચાર્ય સી ઍચ પટેલ, વ્યાયામ શિક્ષક પી જે પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીજીવન આધારિત ક્વિઝમાં જે બી સ્કૂલ ઝળકી



દાંડી કુટિર, મહાત્મા મંદિર ખાતે મહાત્મા ગાંધીના જીવન આધારિત ક્વિઝ કૉમ્પિટિશનનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરની ૮ શાળાઓએ ભાગ લીધો હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ટીમ આ સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા બની હતી. આ વિજેતા ટીમમાં દેવમ ડાહ્યાભાઈ પ્રજાપતિ, ક્રિષ્ના અરવિંદભાઈ પટેલ અને માહિન યુનુસભાઈ ગાંધર્વ સામેલ હતાં. એમને તથા માર્ગદર્શક શિક્ષકોને આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ સે

ઝખ્મો જીવાડી રહ્યા છે, સાહેબ
બાકી બધાં તો
બસ રમાડી રહ્યાં છે!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
દંગલ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
અસાસિન્સ ક્રીડ (હિન્દી, ૩ડી)
૧.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
અસાસિન્સ ક્રીડ (અંગ્રેજી, ૩ડી)
૩.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫, ૬.૪૫
કૂખ
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
૧૦.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# અભિનય સમ્રાટ ઉપેન્દ્રભાઈને હૃદયાંજલિ

અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીની આજે પુણ્યતિથિ. એમની સાથે ગાળેલી ક્ષણોની સ્મૃતિઓ રમણે ચડે છે.

મારા દ્વારા સર્જિત એકપાત્રીય અભિનય સંગ્રહ 'તખ્તાને ત્રીજે ખૂણે'નું વિમોચન એમના હસ્તે થયું ત્યારથી એમની સાથે સ્નેહનો નાતો રહ્યો છે. હું સૅક્ટર-૨૧માં રહેતો હતો ત્યારે એક દિવસ એમને મળવા ગયેલો. ઉપેન્દ્રભાઈ તાવથી તરફડતા હતા. હું તેમની પથારી પાસે બેઠો. વાતો-વાતોમાં મેં લોક કવિ મીર મુરાદનાં કવિત એમને સંભળાવ્યાં તો સામે એમણે પણ મુરાદના છપ્પા, રેખતા અને કવિત મને સંભળાવ્યાં. એ સ્વસ્થ થતા ગયા ને મેં જૂની રંગભૂમિના ખ્યાત ફિલ્મ માસ્ટર છનાલાલ ભીખુભાઈ મીરની જેસલ તોરલ, સતી સોન, કરિયાવર, શેઠ સગાળશાની ફિલ્મો યાદ કરી તો એમણે પણ માસ્ટર છનાલાલની યાદોને વાગોળી. છેલ્લે ઉપેન્દ્રભાઈ એટલું બોલ્યા, 'ભીખુ તેં આજે એવી સરસ વાતો કરી કે મારો તાવ ક્યાંય દૂરભાગી ગયો!'



ઉપેન્દ્રભાઈ સાવ નોખા ને નિરાભિમાની. એમના નિવાસસ્થાને કલાકારો, સાહિત્યકારો, નાટ્યકારો ને લોકસાહિત્યકારોનો ડાયરો કાયમ મંડાયેલો હોય. એવી જ રીતે ધારાસભ્ય તરીકે સાબરકાંઠાની જનતાના પ્રશ્નોના વાચા આપવા માટે એમને સદાય તત્પર રહેતા પણ મેં જોયા છે.

એ એવા તો સ્નેહી કે જો થોડાક દિવસ ન મળાયું હોય તો સામેથી ફોન કરે ને મળવા બોલાવે. એમની યાદદાસ્ત જબરદસ્ત, વિશાળ વાચન અને સંબંધો બાંધવાની, નિભાવવાની વિશેષતા પણ વખાણવાલાયક હતી.

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે 'અભિનય સમ્રાટ' નાટક ભજવવાના હતા ત્યારે એમણે મને મોકલેલું આમંત્રણ આજેય યાદ છે. એક ચબરખી મોકલી હતી, જેમાં લખ્યું હતું, 'ભીખુ, આજે રવિવાર છે. શિક્ષણના બધા ધંધા આજે બંધ છે. મારું ટોળું ટાઉનહૉલમાં અભિનય સમ્રાટ નાટક રમવાનું છે. તું પરિવાર સાથે ચોક્કસ આવજે.'

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિ દક્ષેશ ઠાકરે ઉપેન્દ્રભાઈને ડૉક્ટરેટની પદવી આપી પુરસ્કૃત કરવાનું ઉત્તમ કામ કર્યું છે. ઉપેન્દ્રભાઈ એટલે હરતી-ફરતી નાટ્યશાળા, હરતી-ફરતી લાયબ્રેરી. એમણે જીવ્યા ત્યાં સુધી લોકડાયરા ડોલાવ્યા. ગુજરાતી ફિલ્મ જગતના ઈતિહાસમાં એમનું નામ સુવર્ણ અક્ષરે અંકાયું છે ને અમર રહેશે. એમનું એકપાત્રીય નાટક કર્મયોગી સતત બે કલાક સુધી પ્રેક્ષકોને જકડી રાખતું, એનો રસાસ્વાદ મેં માણ્યો છે.

રજનીકુમાર પંડ્યા, બિરેન કોઠારી સંપાદિત પુસ્તક 'ઉપેન્દ્ર ત્રિવેદી : આત્મકથન તથા અન્ય લેખ'માં એમણે મારી સાથે અન્ય મિત્રોને યાદ કર્યા છે એ અમારું સદ્ભાગ્ય છે એવું અમે મિત્રો માનીએ છીએ.

એમણે જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત કવિ ઉમાશંકર જોષીની પદયાત્રા ઈડરથી બામણા સુધી કાઢેલી ને એમાં અનેક સાહિત્યકારો, શિક્ષણકારો, ભાવકો જોડાયેલા એ મને બરાબર યાદ છે.

આજીવન અક્કડ ઊભા રહેલા આ અદના કલાકારની કેડ કમરના મણકાએ ભાંગી નાખેલી ને ઑપરેશન થવા છતાં ઉપેન્દ્રભાઈ પથારીમાંથી ઊભા નહોતા થઈ શક્યા. એ સમયે પથારીમાં પડ્યા પડ્યા પણ એમણે સ્નેહથી મારા માથે જે હાથ મૂક્યો હતો તેનો સ્પર્શ આજેય હું અનુભવી શકું છું.

ઉપેન્દ્રભાઈના ૮૦મા જન્મદિને ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રીય અભિનય સ્પર્ધા ગાંધીનગરમાં યોજવામાં આવી એ ઉપેન્દ્રભાઈને મળેલી શ્રેષ્ઠ અંજલિ છે એમ હું માનું છું. સાચા કલાકાર ને ઉમદા સ્નેહી ઉપેન્દ્રભાઈને હૃદયાંજલિ!

- **ભીખુ કવિ**

# વિદ્યાર્થીનીઓ માટે સ્વાસ્થ્ય વિષયક જાગૃતિ વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૩

પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ, સૅક્ટર-૭ના ઍનઍસૅસ યુનિટ અને રેડક્રૉસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીનીઓ માટે સ્વાસ્થ્ય વિષયક જાગૃતિ અર્થે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તજ્જ્ઞ તરીકે રેડક્રૉસ સોસાયટી, વાડજ, અમદાવાદના માનદ સલાહકાર મહેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બહેનોમાં રક્તની ઉણપ (એનિમિયા), થેલેસેમિયા, ઍચઆઈવી-એઈડ્સ અને રક્તદાન જાગૃતિ વિષયે માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

બહેનોમાં પ્રસૂતિ, માસિક સ્ત્રાવ અને યોગ્ય પોષણક્ષમ ખોરાકના અભાવ જેવાં કારણોને લીધે રક્તની ઉણપ વધુ જોવા મળે છે એમ જણાવી તેમણે આ માટેના ઉપાયો પણ વિદ્યાર્થીનીઓને સૂચવ્યા હતા. માસિક સ્ત્રાવ અંગે તરુણાવસ્થા દરમિયાન જ સ્કૂલમાં અને ઘરે-ઘરે વૈજ્ઞાનિક સમજ આપવાની બાબત પર તેમણે ભાર મૂક્યો હતો અને થેલેસેમિયાના નિદાન માટે પણ સમજ પૂરી પાડી હતી. રક્તદાનમાં યુવતિઓનો ફાળો હાલ અલ્પ છે, તે વધારવા તેમણે વિદ્યાર્થીનીઓને અનુરોધ કર્યો હતો. ઍનઍસૅસ યુનિટ વતી પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભરતસિંહ રાવે મહેશભાઈનો આભાર માન્યો હતો. આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ મહેશભાઈની સેવાઓને બિરદાવી હતી.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે તાલીમ કાર્યક્રમોનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર ખાતે 'જીઓ ટૅકનીકલ ઍડવાન્સીસ ફોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર' તથા 'ઈન્ડસ્ટ્રીઅલ ઑટોમેશન ઍન્ડ કંટ્રોલ' વિષયે અધ્યાપકો તથા ઔદ્યોગિક સંસ્થામાં કાર્યરત ઈજનેરો માટે એક સપ્તાહના બે તાલીમ કાર્યક્રમોનો પ્રારંભ સોમવારથી કરવામાં આવ્યો છે.

આ બે તાલીમ કાર્યક્રમના સંયુક્ત ઉદ્ઘાટન સમારોહનો પ્રારંભ રવિકિરન વૈદ્ય, હિમાશું કુમાર, પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત પટેલ, ડૉ. દર્શક જી ઠાકોર, ડૉ. બી આર પારેખ અને ડૉ. એ કે વર્માની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. પ્રૉ. વિશાળ આરેકરે તમામ મહાનુભાવોને આવકાર્યા હતા.

આ કાર્યક્રમ ટીઈક્યુઆઈપી-૨ વર્લ્ડ બૅન્ક પ્રૉજેક્ટ અને બીવીઍમના સ્ટ્રક્ચર તથા ઈલેક્ટ્રીકલ ઈજનેરી વિભાગ દ્વારા સંયુક્તપણે આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં દેશની વિભિન્ન ઍન્જિનીયરિંગ કૉલેજ, ઔદ્યોગિક સંસ્થાઓના ઉપ ઈજનેરો, ૬૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમ દરમિયાન વિષયના તજ્જ્ઞો અને પ્રિમિયર ઍન્જિનીયરિંગ સંસ્થાઓ, ઔદ્યોગિક એકમોના મહાનુભાવો પોતાના જ્ઞાનનો લાભ આપશે. સમગ્ર ઉદ્ઘાટન કાર્યક્રમનું સંચાલન પ્રૉ. વિમલેશ અગ્રવાલે તથા આભારવિધિ પ્રૉ. અતુલ દેસાઈએ કરી હતી.